सा विद्या या विमुक्तये

# શારદ

નવેમ્બર-૨૦૨૧ - વર્ષ ૪૧, અંક-૧











પ્રકાશક

**શારદામંદિર**

નવા શારદામંદિર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

Phone : +91-79-26600242, E-mail : shardamandir1924@gmail.com, Web : www.sharadamandir.com

# શારદ

સા વિદ્યા યા વિમુક્તયે

નવેમ્બર-૨૦૨૧
વર્ષ ૪૧, અંક-૧

શારદામંદિર, અમદાવાદ.


## શાળાનો ૯૮મો સ્થાપનાદિન - ભારતનો ૭૫મો સ્વાતંત્ર્યદિનની ઉજવણી

મુ. શ્રી આશાબેન, ૧૯૫૮ની બેચનાં વિદ્યાર્થી ભાઈ-બહેનો અને આમંત્રિત મહેમાનો,

-આત્મનિર્ભરતા જેની ગળથૂથીમાં સમાઈ છે.

-આપખૂદી... જેના મૂળમાં વસેલી છે.

-મુશ્કેલીમાત કી જય અને

-મગજ ઠંડુ, જીભ સાચી, મીઠી, મસ્તક ઉન્નત...

જેવા જીવન મંત્રો જેણે આપણને શીખવ્યા છે, તેવી આપણી શાળા શારદામંદિરના ૯૮મા સ્થાપના દિન અને ભારતના ૭૫મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના પ્રસંગે હું આપ સહુનું હાર્દિક સ્વાગત કરું છું.

ઉંમર ઉંમરનું કામ કરતી જ હોય છે. આપણી શાળા, કે જેણે હાથ લંબાવ્યો હોય તો કેવળ આશીર્વાદ આપવા માટે, તેને પણ જર્જર વસ્ત્રો બદલવાની જરૂર પડી. આપણા જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શ્રી ભદ્રેશભાઈ શાહ, શ્રી મુનીરભાઈ મહેતા, શ્રી અનંગભાઈ શાહ અને અન્ય મિત્રોએ શાળાના નવનિર્માણ માટે મોટો ફાળો આપ્યો. શાળાના યુવા ટ્રસ્ટી શ્રી સપ્તકભાઈએ નકશો તૈયાર કર્યો અને ટ્રસ્ટીઓ, શ્રી ભુપેન્દ્રભાઈ અને શ્રી શ્યામભાઈએ રિનોવેશનનું કામ ઉપાડી લીધું.

આજે શાળા પાસે વર્તમાન અભ્યાસક્રમ માટે જરૂરી સાધનો અને અદ્યતન કોમ્પ્યુટર રૂમની સગવડ થઈ ગઈ છે. દરેક ક્લાસરૂમ રીનોવેટ થઈ ગયા છે. વિદ્યાર્થીઓ, શિક્ષકગણ અને સ્ટાફના સભ્યોની સુવિધા માટે દરેક મકાનમાં અદ્યતન ટોઈલેટ બ્લોક્સ તૈયાર થઈ ગયા છે. લેન્ડસ્કેપીંગનું થોડું કામ થયું છે, પણ હજુ ઘણું કરવાનું બાકી છે.

ભણતર સાથે ઘડતર, એ આપણી શાળાનો એક આગવો પરિચય છે. આપ સહુને પાંચમાં ધોરણનો ગણિતનો પાઠ કદાચ યાદ નહિ હોય, પણ ગુડી પડવાનો લીમડાનો રસ કદી નહિ વિસરાય. શિક્ષણની સાથે સાથે કાંતણ, સીવણ, ચિત્ર, સંગીત અને નૃત્ય શીખવાનો, તે ઉપરાંત પ્રાતઃપ્રાર્થના, પ્રવાસો, સ્વયમ્-પાકનો આનંદ આપણને કાયમ યાદ રહેશે. આ પ્રવૃત્તિઓએ આપણી શાળાને એક આગવી ઓળખ આપી છે, જેને કારણે આપણે સહુ એક-મેક સાથે વણાઈ ગયેલા છીએ.

નવા યુગમાં આવી અનેકવિધ પ્રવૃત્તિઓ કરી શકાય તે માટે નું આયોજન કર્યું છે. પ્રયત્ન એવો છે કે, શાળાનાં કાર્યકાળ દરમ્યાન બાળકને તેની વૃત્તિને અનુરૂપ વિવિધ પ્રકારની અને ઉચ્ચ કક્ષાની તાલિમ મળી શકે, કે જે જીવનપર્યંત તેને ઉપયોગી થાય અને તે એક આગવું વ્યક્તિત્વ વિકસાવી શકે. આપણા જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, કે જેઓ વિવિધ પ્રકારની આગવી કળામાં નિપૂણ છે, તેમણે આ પ્રવૃત્તિઓ માટે તેમનું યોગદાન આપવાની તૈયારી બતાવીને અમને ખૂબ જ પ્રોત્સાહિત કર્યા છે.

કોરોનાના કપરા કાળમાં આ પ્રવૃત્તિઓ શક્ય બની નથી, પણ આશા રાખું છું કે સમય બદલાતા આવી પ્રવૃત્તિઓ કરી શકાશે અને તેના માટે પણ તન, મન, ધનથી ટેકો મળી રહેશે.

આ પ્રસંગે પધારવા બદલ આપ સહુનો ખૂબ ખૂબ આભાર માનું છું.

જય હિન્દ !

- ઉદયન શાહ

તા. ૧૫/૮/૨૦૨૧

**નૂતન વર્ષાભિનંદન**

સુજ્ઞ મહાશય,

કોરોનાને કારણે ઘણા સમય પછી આપણે આ માધ્યમથી મળી રહ્યા છીએ. કોવીડ-૧૯ના ચક્રમાંથી ધીરે ધીરે બહાર આવી રહ્યા છીએ. વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર ઘણી ગંભીર અસર પડી છે. તેનાથી આપણે સૌ વાકેફ છીએ. ટૂંક સમયમાં શાળાઓ ખુલે અને ફરીથી કિલ્લોલ કરતાં બાળકો શાળામાં આવે તેવી સંભાવના છે.

લોકડાઉન વખતે શાળા મંડળે વિનયમંદિર વિભાગ તથા મોડર્ન હાઈસ્કુલના મકાનોનું રીનોવેશન કામકરેલ છે. તેમાં અદ્યતન કોમ્પ્યુટર રૂમતથા ટોઈલેટ બ્લોક્સની સુવિધા કરેલ છે. આ ઉપરાંત આગામી સમયમાં લાયબ્રેરી, ઓફીસનું પણ આયોજન થયેલું છે.

શાળા મંડળ ભૌતિક સુવિધાઓ ઉપરાંત શૈક્ષણિકક્ષેત્રે online અભ્યાસ માટે જરૂરી સાધનોની સુવિધા કરેલ છે જેથી બાળકોને એસાઈનમેન્ટ મળી રહે અને તેઓ મહેનત કરતા થાય. તદ્ઉપરાંત દરેક લેક્ચર બાદ ક્લાસગૃપમાં એક એસાઈનમેન્ટ આપવામાં આવે છે જે બાળકે પુસ્તક વાંચી હોમવર્ક કરવાનું હોય છે અને જરૂર પડે શિક્ષકોનું માર્ગદર્શન પણ લઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

વાલીઓને નમ્ર વિનંતી કે કોવીડ-૧૯ ગયો નથી અને ત્રીજી લહેરની શક્યતા રહેલી છે તે જોતાં યોગ્ય સાવચેતી સાથે અને સરકારી આદેશોને ધ્યાનમાં રાખી બાળકોને શાળાને મોકલશો.

વખતોવખત લેવામાં આવતી એકમકસોટી આપનું બાળક આપે અને તેની ઉત્તરવહી શાળામાં આપેલ સૂચના મુજબ જમા કરાવે તે આવશ્યક છે.

વાલીઓ શાળામાં આવે ત્યારે ટૂંકા વસ્ત્રો ન પહેરે અને ભારતીય સંસ્કૃતિને શોભે તેવા વસ્ત્રો પહેરીને આવે, તદ્ઉપરાંત માસ્ક પહેરવો અને સોશ્યલ ડીસ્ટન્સીંગનું પાલન કરવું.

- આચાર્ય
( વિજય રાવલ)

**દિવાળી વેકેશન**

શાળામાં તા. **૦૧-૧૧-૨૦૨૧- થી ૨૧-૧૧-૨૦૨૧** સુધીનું રહેશે.
ત્યારબાદ સરકારશ્રીના આદેશ મુજબ શાળા ખુલશે.

વારંવાર વિનંતી કરવા છતાં હજુ પણ ઘણા વાલીઓ પોતાના બાળકની ફી સમયસર ભરતા નથી જે યોગ્ય નથી.
આ બાબતની ગંભીરતા સમજી સમયસર ફી ભરી દેશો.

# અમૃત મહોત્સવ - શારદામંદિર સ્થાપના દિન

શ્રાવણ સુદ સાતમઅને ભારતનો સ્વાતંત્ર્ય દિન ૧૫મી ઓગસ્ટ ૨૦૨૧

શારદામંદિર ટ્રસ્ટી ગણ, શિક્ષક મિત્રો અને સ્વજનો,

આજની ઘડી તે રળિયામણી - ખાસ તો એટલા માટે કે આજે આખો દેશ સ્વાતંત્ર્યદિન - અમૃત પર્વ રૂપે પણ મનાવી રહ્યો છે અને ભારત મા ને વંદન પાઠવી રહ્યો છે તેની સાથે સાથે આપણે સહુ પણ આપણી માતૃ સંસ્થા - શારદામંદિરના સ્થાપના પર્વ નિમિત્તે શારદ માને વંદન કરી આવી રહેલા વર્ષોને - ખાસ કરીને તો ૨૦૨૪માં ઉજવાનારા શતાબ્દી મહોત્સવને પોંખવાની તૈયારી કરવા માટે ઉત્સુક છીએ. શારદામંદિરની સ્થાપનાથી વર્તમાન સુધીના સમયની આછી એવી ઝાંખી કરવાની તકનો સદઉપયોગ કરવાનું મન છે. ઈચ્છા છે. ૧૯૨૪માં સ્થપાયેલી આ સંસ્થાની ઐતિહાસિક સ્મૃતિને ઢંઢોળી લઈએ તો કેવું ? આપણા આ પ્રાર્થનામંદિરમાં સ્થાપિત ત્રણ છબીઓથી પ્રેરિત થઈએ અને સાથે સાથે શારદામંદિરના લાંબાગાળાની માવજત કરી ગયેલા - ધુરા સમાન - શારદ રથને પ્રેરિત કરી, સમૃધ્ધ કરનારા સહુની પુણ્ય સ્મૃતિની સાંકળને આજે થોડા સમય માટે વર્તમાન સાથે સાંકળી લઈએ -આ તકનો લાભ લઈએ. ૧૯૨૪ની શ્રાવણ સુદ-સાતમે જ્યારે સંસ્થાનો પાયો, અમદાવાદના આંગણે, પાલડી વિસ્તારમાં નંખાયા ત્યારે આખાયે ભારતમાં - પૂ. ગાંધીબાપુની રાહબરી નીચે દેશ સ્વાતંત્ર્ય ચળવળથી સળવળતો હતો. એ જ વૃત્તિ અને પ્રવૃત્તિના છાંટણે જ્યાં જ્યાં જાગૃત સમાજ હતાંતેમાં પ્રાણવાન નાગરિકો પણ દેશ માટે કાંઈક કરી છૂટવાની ધગશથી થનગનતા હતાં. તેમાંની એક જોડી, તે શિક્ષણ પ્રેમી ભોગીભાઈ ઠાકર અને સમાજ સેવા વૃત્તિના પ્રખર કાર્યકર્તા બેનશ્રી સવિતાબેન ત્રિવેદીએ, આ સંસ્થા સ્થાપી. માત્ર શિક્ષણ જ નહિ, રાષ્ટ્ર સેવા અને બંધન મુક્તિ પ્રતિજ્ઞાથી નવયુવાનોને ઘડતરનો પાયો નાંખવાનો ભાવ હતો. ૧૯૩૦માં સ્વાતંત્ર્ય ચળવળ જોર પકડી રહી હતી ત્યારે સંસ્થાની પ્રવૃત્તિઓ સ્થગિત કરવી પડી અને તેમાં પુનર્જાગરણની અનુકુળતા મળતાં તે કાર્ય પુનઃ કાર્યરત થયું તે વખતે શારદામંદિરના છાત્રો માટે છાત્રાલયની વ્યવસ્થા પણ થઈ. સંચાલકો અને કાર્યકરી ઝુંપડામાં રહેતા. સમૂહ રસોડા સાથે વિશાળ પરિવાર સમું વાતાવરણ હતું. જેમાં આજથી ચાર પેઢી પહેલા પાકેલા મોતી - તે શ્રીમતિ લાભુબેન મહેતા, બેનશ્રી પૂર્ણિમાબેન પકવાસા અને તેમના જેવા કેટલાયે તેજસ્વી તારલા સમાજને મળ્યા. આ છાત્ર-છાત્રાઓએ આજીવન શારદામંદિરને પોતાના જીવન ઘડતરના પાયાને નવાજ્યો છે. વજુભાઈ ૧૯૨૪ થી ૧૯૩૦ ના ગાળામાં જોડાયા અને વચગાળામાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં કાર્યરત રહી ફરીથી આ જ ભૂમિમાં શિક્ષણ સેવા અર્થે આવ્યા. શાળામાં સર્વાંગી વિકાસ અને ઘડતરની પ્રક્રિયા દ્રઢપણે ચાલતી હતી તેવામાં છેક મુંબઈથી એક ધનાઢ્ય પરિવારના મોભીએ પોતાના ત્રણ બાળકોને અહીં દાખલ કરવાની ભાવના સેવી. વજુભાઈનો સંપર્ક સાધ્યો અને છેવટે વજુભાઈ દવેને સોંપી તેઓ પોતાના કાર્યક્ષેત્રમાં નિશ્ચિંત બની પરોવાયા. ૧૯૪૨ સુધીમાં ધો.૪ સુધી વિસ્તરેલ વિકસેલી શાળા, સ્વાતંત્ર્ય સંગ્રામ સાથે શિક્ષણનું માળખું - સર્વાંગી વિકાસના રથ સાથે તાલ મિલાવતું રહ્યું. ભોગીકાકા અને સવિતાબેન, પોતાના સહમાર્ગી ચંદુભાઈ દવે સાથે સંસ્થાના આર્થિક સ્થિરતાની દિશામાં અને અન્ય પ્રવૃત્તિઓમાં ગૂંથાવા લાગ્યા. ૧૯૪૨થી સંસ્થાનું અને શિક્ષણનું સુકાન હવે વજુભાઈના હાથમાં વિધિસર સોંપાયુ. કાચાં નિવાસ અને શાળા હવે પાકા મકાનોમાં ફેરવાયા. એલિસબ્રિજ વિસ્તાર પણ તળ - અમદાવાદમાંથી સોસાયટી પરિસરમાં ગોઠવાતો ગયો. શારદામંદિર રૂપી કમળપુષ્પને વિસ્તરવા - વિસ્તારવા નવી જગ્યાના પ્રસ્તાવ આવવા લાગ્યા. વિસ્તાર માટેની નવી જગ્યા - જમીન ખરીદતી અને મકાનો બાંધવા. હાઈસ્કૂલ સુધીની જરૂરિયાત પૂરી પાડતી અનુકૂળતા સાધવાની તૈયારી શરૂ થઈ તેવામાં શારદામંદિરમાં ૧૯૪૯માં ૨૫ વર્ષ પૂરા થવા નિમિત્તે રૌપ્ય મહોત્સવની ઉજવણી ગોઠવાઈ. જૂના શારદામંદિરની સામેની વિશાળ જગ્યા ઉપર વિવિધ સ્ટોલ અને નાના મોટા સાંસ્કૃતિક કાર્યક્રમોથી મહાન સાહિત્યકાર અને શિક્ષણ પ્રેમી કનૈયાલાલ મુન્શીની ઉપસ્થિતિમાં આ રૌપ્ય મહોત્સવ શાનદાર રીતે ઉજવાયો. આ શુભ પ્રસંગે શારદામંદિરની સ્થાપનાની ૨૫ વર્ષની ઉજવણીનો ચિતાર આપતું પુસ્તક 'પાંગરતા પ્રયોગો' પ્રગટ થયું. જેમાં શિક્ષણના ક્ષેત્રી થયેલા દીવાદાંડીરૂપ અનેક પ્રયોગોનું વિવરણ છે. આ પ્રયોગો પાંગરતા જ રહ્યા. જેમાં સાક્ષીઓ આજે પણ મળે ! વજુભાઈ દવે શાળાની સર્વાંગી વિકાસની કેડીને રાજમાર્ગ સુધી લઈ જવાની ધગશ વેરતા થયા અને પરિમલ ક્રોસિંગથી નવા શારદામંદિર તરફ આવતા ઉબડ ખાબડ રસ્તાને શ્રમયજ્ઞ દ્વારા ચેતનવંતો ધમધમાટ દોડતો બનાવાયો. જેમાં શાળા શિક્ષકો, વિદ્યાર્થીઓ, સંચાલકો અને પછી તો સમગ્ર સમાજ જોડાયો. જે આજે આચાર્ય વજુભાઈ દવે માર્ગ તરીકે ઓળખાય છે. આ રસ્તાએ રામસેતુની ગરજ સારી એમકહીએ તો કાંઈ ખોટું નથી. 'સબ સે બડા હૈ નિશ્ચય બલ' અને 'મુશ્કેલી માત કી જય' જેવા અનેક સૂત્રોએ શારદામંદિરના વિદ્યાર્થીઓમાં અનેક રીતે પ્રાણ પૂર્યા છે. આ તો અમૃતનું એક ટીપું જ કહી શકાય. શાળાના પ્રતિનિધિની ચૂંટણી રસાકસીભરેલી નહિ સબરસ ભરેલ કહેવાય, માટે તે 'પર્વ' રૂપ ગણાતી. પ્રાતઃ પ્રાર્થના તન-મન અને આત્માનો વિકાસ સાધવાનું માધ્યમબનતી. પ્રાતઃ પ્રાર્થનાની પૂર્ણાહૂતિને શંખ - ઢોલ - બ્યૂગલ - ત્રાંસા અને ઘંટનાદનો પવિત્ર ગુંજરવ આજેય કાનોમાં ગૂંજે છે. સ્થાપના દિનનો સ્વયંપાક કરવા હજીય મન તરસે છે. શિક્ષકદિન ઉજવાય. પ્રવાસોના આયોજન અને આનંદ માટે તો શબ્દો જ નથી. નાટકો અને તેમાં રિહર્સલ અને તે માધ્યમથી થતાં ચારિત્ર્ય ઘડતર તો રાત નાની ને વેશ ઝાઝા જેવી પરિસ્થિતિ છે.

આજના આપણા મિલનના સથવારે એક ખાસ, નોંધપાત્ર ટકોર કરવી છે - સ્થાપનાદિનનો સૂત્રધાર આપણો 'બાળરથ' છે, તેને કાયમ આવકારજો. આ બાળરથી - પરમતત્વ અને દિવ્યત્વનું પ્રતીક છે. તેમાં વધામણા જ હોય, વળામણા નહિ. થોડામાં ઘણું કરી સવિનય વંદન સાથે વિરમું છું. સૌને અભિનંદન. સૌને નમસ્કાર. જય શારદમા - જય ભારત.

- આશાબેન (દવે) રાવલ

# શાળાનો ૯૮મો સ્થાપનાદિન અને ભારતનો ૭૫મો સ્વાતંત્ર્યદિન - એક અહેવાલની નજરે









સને ૧૯૨૪માં સ્થાપિત થયેલી આપણી શાળાનો ૯૮મો સ્થાપનાદિન શ્રાવણ સુદ- સાતમ અને ભારતની આઝાદીનો ૭૫ મો સ્વાતંત્ર્યદિન એટલે ‘અમૃત મહોત્સવ’ જેવો એક સુભગ સમન્વય આપણે આંગણે યોજાયેલ.

આ પ્રસંગે અને ૧૯૫૮ની બેચના વિદ્યાર્થીની આશાબેન દવે મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યાં. તેમના વરદ હસ્તે ધ્વજવંદન કર્યા બાદ તેમણે શાળાના સમગ્ર સ્ટાફ તેમજ આમંત્રિત મહેમાનોને શાળાની વિકાસગાથા અને પરંપરાગત પ્રવૃત્તિઓ અંગેની માહિતી દ્વારા સંબોધન કર્યું.

ત્યારબાદ પ્રાર્થનામંદિરમાં સ્થાપનાદિન નિમિત્તે યોજાયેલ કાર્યક્રમનું દીપ પ્રગટાવી શુભારંભ કરાવ્યો. પુષ્પગુચ્છ દ્વારા મહેમાનોનું સ્વાગત થયું. કાર્યક્રમને વર્ચ્યુઅલી સ્લાઈડ શો દ્વારા પણ માણ્યો. ત્યારબાદ સંસ્થાના ટ્રસ્ટી અને મંત્રી શ્રી ઉદયનભાઈએ આમંત્રિત મહેમાનોનું સ્વાગત-પરિચય કરાવીને સંસ્થામાં ચાલતી પ્રવૃત્તિઓ ઉજાગર કરી જેમાં સ્લાઈડશો દ્વારા માહિતી આપી અને સંસ્થાનું નવનિર્માણ થઈ રહ્યુ છે તેનાથી સર્વેને માહિતગાર કર્યા. અંતે આભારવિધિ બાદ સર્વે છૂટા પડ્યાં.






# અભિનંદન



**જૈનિલ અશ્વિનભાઈ ડોડીયા (ધો.૯-બ)**

હું Shito-RYU Karate માં સભ્ય ખેલાડી છું. હું આ એકેડમી માટે બે વર્ષથી રમુ છું. હાલ મારી પાસે Yellow Belt છે. અમારી એકેડમીની ટુર્નામેન્ટ જે ઉદયપુરમાં અયાન રીસોર્ટ ખાતે તા.૨૭-૯-૨૧ના રોજ રમાઈ હતી. અમારી એકેડમીના કુલ ૩૦ છોકરાઓ અને છોકરીઓ હતાં, સામેની ટીમનાં કુલ ૨૫ છોકરા-છોકરીઓ હતાં. જેમાં મારી બે ટુર્નામેન્ટ હતી. એક Kata અને બીજી Kumite, જેમાં મને 2 Silver Medals મળ્યા. ઉદયપુર ખાતે રીસોર્ટમાં સ્વીમીંગપુલમાં ખુબ મોજ મસ્તી કરી હીલ ક્લાઈમ્બીંગ વગેરેની મજા માણી હતી. અમને ખુબ સરસ સગવડ સાથે લઈ ગયા હતાં અને પાછા લાવ્યામાં આવ્યા હતાં. ખુબ જ સરસ અનુભવ રહ્યો.

---

કોરોનાના કપરા સમયમાં ઘણા લાંબા સમય બાદ આપણા રાષ્ટ્રીય શાયર તરીકેનું બીરૂદ મેળવનાર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિ નિમિત્તે આંતર શાળાકીય એક સંગીત સ્પર્ધા નું આયોજન અંકુર સ્કુલ, પાલડી ખાતે કરવામાં આવેલ જેમાં આપણી શાળાના બંને વિભાગના વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો જેમાં તેઓને પ્રશંસા સર્ટીફીકેટ એનાયત કરવામાં આવ્યું હતું. તે બદલ ખૂબ ખૂબ અભિનંદન.








---

## શાળાનું ગૌરવ









ગુજરાત સરકારના જી.સી.ઈ.આર.ટી. વિભાગ દ્વારા ગુજરાતની શાળાઓમાં ઝવેરચંદ મેઘાણી જન્મશતાબ્દી નિમિત્તે SVS કક્ષાએ યોજાયેલ જુદી જુદી સ્પર્ધામાં આપણી શાળા વિનયમંદિર માધ્યમિક વિભાગની વિદ્યાર્થીની શાહ યશ્વી (ધો.૧૦) પ્રથમ નંબર મેળવે છે અને નિબંધ સ્પર્ધામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિબંધ સ્પર્ધામાં ધો.૧૨ કોમર્સની વિદ્યાર્થીની આત્રેય પરીક્ષીતભાઈ જોશી પ્રથમ નંબર મેળવેલ છે. શાળા પરિવાર બંને દિકરીઓ માટે ગૌરવ અનુભવે છે. બંનેને આગળની પ્રગતિ માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન.

---



**આત્રેયી જોશી**

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજીત 'આઝાદીકા અમૃત મહોત્સવ' અંતર્ગત તા.૨૮-૧૦-૨૦૨૧ના રોજ યોજાયેલ વિવિધ સ્પર્ધાઓમાં આપણી શાળાના વિનયમંદિર વિભાગના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ. જેમાં નિબંધ કક્ષાએ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગની ધો.૧૨-કોમર્સની વિદ્યાર્થીની ચિ. આત્રેયી પરીક્ષીતભાઈ જોશીએ અમદાવાદ શહેર અને જીલ્લા કક્ષાએ પ્રથમ નંબર મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે અને આગામી હરીફાઈ માટે રાજ્યકક્ષાએ જશે. જ્યારે કાવ્યગાન સ્પર્ધામાં માધ્યમિક વિભાગની વિદ્યાર્થીની ચિ. યશ્વી અનિશકુમાર શાહે અમદાવાદ શહેર જીલ્લામાં બીજા નંબરનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. શાળા પરિવાર વતી બંને વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ અભિનંદન.



**યશ્વી શાહ**

## બાલમંદિર વિભાગ


તા.૭/૬/૨૧ને સોમવારથી શાળાનું નવું સત્ર શરૂ થયું. કોરોના મહામારીને કારણે શાળાનું ક્રિડાંગણ બાળકોની હાજરી વગર સૂનુ લાગ્યું.

- બાળકો અભ્યાસથી વંચિત ના રહે તે માટે ટેકનોલોજીના માધ્યમથી ઓનલાઈન અભ્યાસ ચાલુ કર્યો જેમાં બાળકો અને વાલીઓએ ખૂબ સહકાર આપ્યો.
- તા. ૩૦/૬/૨૧ના રોજ Online Zoom Introductory Meeting રાખવામાં આવી.
- તા. ૧૦/૭/૨૧ને શનિવારે રથયાત્રા પર્વની સમજ ઓડિયો દ્વારા આપી.
- તા. ૧૪/૮/૨૧ને શનિવારે શાળાના સ્થાપનાદિન નિમિત્તે શુભેચ્છા પાઠવતો Audio સંદેશ બાળકોને મોકલ્યો તેમજ સ્વાતંત્ર્યદિન વિશે સુંદર અભિવ્યક્તિ કરતો વિડિયો બાળકોએ શિક્ષકને મોકલ્યો.
- તા. ૧૯/૮/૨૧ને ગુરૂવારે રક્ષાબંધનની વાર્તા કહી રાખડી બનાવતો વિડિયો બાળકોને મોકલી બહેન-ભાઈના પવિત્ર પર્વની સમજ આપી.
- તા. ૨૬/૮/૨૧ને ગુરૂવારે ફ્લેમલ બોર્ડ પર ફીગર બતાવી ડોશી અને દીકરી વાર્તા Zoom પર કહેવામાં આવી. જેમાં દીકરીને ઘેર જાવા દે તાજી માજી થાવા દે પછી મને આજે એ જોકડણું ગાવાની બાળકોએ ખૂબ મજા માણી.
- તા. ૨૮/૮/૨૧ને શનિવારે જન્માષ્ટમી પર્વ નિમિત્તે ભગવાન શ્રી કૃષ્ણના જીવન પ્રસંગોને રજુ કરતો સુંદર વિડિયો બાળકોને મોકલી શ્રી કૃષ્ણ લીલાના પ્રસંગોની સાચી ઓળખ આપી.
- તા. ૫/૯/૨૧ને રવિવારે શિક્ષકદિન નિમિત્તે બાળકોએ ઘરે શિક્ષક માટે સુંદર કાર્ડ બનાવી તેના ફોટા મોકલ્યા અને ગુરુવંદના કરી.
- તા. ૭/૯/૨૧ને મંગળવારે મહાવીર જન્મની ઉજવણી કરી. ચૌદ સૂપન, પારણુ, આરતી કરી.
- તા. ૯/૯/૨૧ને ગુરૂવારે ગણેશચતુર્થી નિમિત્તે ગણેશજીની સ્થાપના કરી.
- તા. ૨૪/૯/૨૧ને શુક્રવારે ભૂંડી ઉંદરડી વાર્તા પપેટ દ્વારા ભજવી બાળકોને તેનો વિડિયો મોકલી સ્વચ્છતાનું મહત્ત્વ સમજાવ્યું.
- તા. ૩૦/૯/૨૧ને ગુરૂવારે ગાંધીજયંતિ નિમિત્તે ગાંધીજી વિશે બાળકોએ અભિવ્યક્તિ કરતો વિડિયો શિક્ષકને મોકલ્યો.
- તા. ૭/૧૦/૨૧ને ગુરૂવારે નવરાત્રિ નિમિત્તે માતાજીનું સ્થાપન કરી તે નિમિત્તે બાળકોએ આરતી સુશોભિત જેવી પ્રવૃત્તિમાં ઉત્સાહભેર ભાગ લીધો અને અવનવા પરિધાનમાં ફોટા મોકલ્યા.

કોરોના મહામારીને લીધે શૈક્ષણિક બધી જ પ્રવૃત્તિઓ ટેકનોલોજીના માધ્યમથી બાળકો સુધી પહોંચાડવા પ્રયત્ન કરેલ છે. બાળકોનો પાયો કાચો ના રહે એ માટે પૂરતુ ધ્યાન આપી એસાઈમેન્ટ દ્વારા ભણાવવાનો પ્રયન્ત કરેલ છે.

અંગૂઠાની છાપ, ભીંડાની છાપ, ક્રાફ્ટ પેપરમાંથી હોડી, ટોપી, પંખો વગેરે નર્સરીના બાળકોને વિડિયો દ્વારા બનાવડાવ્યા.

દિવાળી પર્વ નિમિત્તે વર્ગસફાઈ, મહેમાનનું સ્વાગત કેવી રીતે કરવું, સાથિયા, તોરણ, દિવાળીકાર્ડ જેવી પ્રવૃત્તિ Online કરાવી. જેમાં બાળકોએ ખૂબ સહકાર આપ્યો. જુદા જુદા દિવાળી કાર્ડ બનાવી તેના ફોટા શિક્ષકને મોકલ્યા.



**નવરાત્રી પૂજન**

## બાલમંદિર વિભાગ


બાલમંદિર વિભાગમાં શિક્ષકો દ્વારા ભજવાતું પપેટ 'ભૂંડી ઉંદરડી' નાટક બાળકોએ ઘેર બેઠા લાઈવ મનભરીને માણ્યું.








ગાંધીજયંતિ નિમિત્તે
શાળામાં શિક્ષકો દ્વારા ગાંધીપૂજા



સીનીયર કે.જી.ની વિદ્યાર્થીની ચિ.હીરવાબાએ ગાંધીજયંતિ નિમિત્તે ગાંધીજી વિશે ખૂબ જ સુંદર વાર્તાલાપ લાઈવ રજૂ કરેલ.

---

**બાળકોએ શાળાના સમય દરમ્યાન ઘેર બેઠા બનાવેલ આર્ટવર્ક, રંગોળી, તોરણ, દિવાળી કાર્ડ**














વિહાની જાની નર્સરી વિભાગ



## Students' Corner

**Post Corona Effects On Education System.**

As we know Corona time have been hard on every profession, however the education system has suffered the most due to the mindset of people. In terms of effects on minds of childern themselves the primary education has suffered an extreme downfall... The students have become extremely weak as online education has been of "0" use to smaller children. For the secondary education and higher education, the kids have deteriorated overall and only the student who did study offline have developed well in the online education. The only issue being that the students of Secondary and Higher education have been aiming at going away from studies, reason being using devices for social media which is the greatest problem and not being able to understand in online education. The students while in online lectures don't pay attention to studies and instead watch videos and chat with friends. This is the only reason that they do not understand anything in online lectures. Thus parents should keep an eye on their children once in a while to see what their child is doing. Moreover in online exams students do not prepare anything and cheat to write papers, some parents even encourage this which is a very shameful behaviour on behalf of parents. Thus it is a very great choice that the exams are conducted offline as the actual capable students that avoid studies will learn about their responsibilities. All and all we all need to support honest examinations and hard work in order to get the education system back on track.

Shah Daksh Ketankumar
Std.- 10th E

**MAIN STREAMING ALTERNATIVES TO SINGLE USE PLASTIC PRODUCTS THROUGH INNOVATION AND CREATIVITY**

Human beings are using the plastic since centuries. Plastic has become a very cheap and easy alternative to each and everything that we use in our day to day life. Human beings are addicted to the usage of plastic nowadays without knowing the side-effect of their addiction. Since plastic is easily available and is very cheap as in comparison to the other products, it has a hazardous side effect on the environment and nature. The development of plastics started with the use of natural materials that had intrinsic plastic properties, such as shellae and chewing gum. The next step in the evolution of plastic involved the chemical modification of natural materials as rubber, nitrocellulose, collagen and galalite. Finally the wide range of completely synthetic materials that we would recognise as modern plastics started to be developed around 100 years ago.

This 100 years old invention surely did reduce some human efforts but it is hazardous to human health, nature and environment. The chemicals used in the production of plastic are toxic and determinal to the human body. Chemicals in plastic-like lead, cadmium and mercury directly can come in contact with the humans. These toxins can cause cancers, congenital disabilities, immune system problems and childhood development issues. Plastic sticks around in the environment for ages, threatening wildlife and spreading toxins plastic also contributes to global warming. Almost all plastics are made from chemicals that come from the production of planet-warming fuels. Our reliance on plastic therefore prolongs our demands for these dirty fuels. Burning plastic in incinerators also releases climate-wreaking gases and toxic air pollution. Reducing the use of plastic is important because plastic production requires an enormous amount of energy and resources. This causes carbon emission and contributes to global warming. Recycling plastic is not efficient; only 9% 0f plastic ever produced has been recycled. About 60% is discarded in landfills and oceans. There, it stays for thousands of years, teams forming into "MICROPLASTIC" leaching into our water supplies and food. As India has put-off the ban on singleuse plastic items; an announcement that PM Narendra Modi was due to make on October 24 2019. However, had the ban been implemented, it would have given India an edge, at the forefront of regulations to resolve the plastic pollution. But thanks to environmentally-focused entrepreneurs in the country like, not at all is lost. There are many more than hundreds of ways to tackle the problem of plastic packaging. And many alternatives to plastic projects are either developed and ready-to-use now or in the pipelines. About one year ago, Swasthik Padma, a 17-year old entrepreneur from Bangalore found out solutions to modern day problems like plastic waste management and water scarcity by thinking out of a box. His young mind seeks to find simple solutions to gross international problems like the enormous amount of plastic waste and attempt to desalinate seawater and he has been a successful endeavour. He created a material from waste plastic and sand which is 24 times stronger than concrete, 8 times lighter than concrete and 12 times cheaper than concrete. The material is named PLASCRETE by himself. He shares his journey from making tools for farmers as a child to getting a planet named by MIT as a teenager.

Not only India, by many other countries have a big ban on single use plastic. Kenya has the world’s strictest plastic bag ban followed by New York state, Thailand and Rwanda. All the countries have their alternatives for single use plastic and they are slowly moving forward to 0% plastic use in the world.

- Veli Parjanya Thakore (11-E-Ccommerce)

# Students' Corner

Look around,There is so much plastic,Let's recycle itIsn't that fantastic?Let's throw rubbish in the garbage bin, And make the environment healthy and cleanLet's plant more and more trees,And make our earth super greenLet's use less water, gas and light,That's what we should do each day and each nightLet's donate old things and use cloth bag And turn the towels into a beautiful rag We must start now, we can't Wait,Let's save our planet before it's too late.

- Aaditya Salunke- 5E

---

## Reducing Single Use Plastic Pollution:Role of Youth

From the begining to the end of the day humans use plastic in several ways.In today's world it seems nearly impossible to escape "PLASTIC". Imaginning lifestyle without the use of plastic is like imaginning Aliens on the planet EARTH. Single use plastic has also became a kind of addiction , from which not every human nor animal could easily get rid of. Plastic was invented with an intention to reduce problems and to help the people in day-to-day life necessities. But nowadays it has became a biggest curse against the environment, due to it's non-biodegradable qualities. Today plastic has became toxic for all the four Lithosphere, Hydrosphere, Biosphere and Atmosphere. Youth has the power to help a country. The youth of a country determines the future of a nation. Youths has the power to reduce the plastic pollution by taking several important steps. In the olden lifestyle there was not such problems of plastic pollution. So, modern generations should also switch to many of the Enviroment friendly products like at the picnics using khakhra leaves or banana leaves for having food instead of using disposable plastic plates.



Most of the Tea or Coffee lovers thinks that they are habitual to the beverage and so drinks in the plastic cups at random stalls of the streets. But their real problem is not the beverage but drinking it in toxic plastic cups is the problem. But due to awareness among the people those plastic cups are converting into paper cups but still the most ecofriendly way is to use earthen tea pots. The most commonly used plastic is in the form of plastic polythene, which is used by the vegetable vendors, Grocery store workers and also for other uses like for packaging of several heavy and light weighted products.But there are many alters of plastic. Jute, Woollen, Cotton and other many materials can be used instead of plastic polythenes. Even Bamboo and wood are also alternatives to package the portable water in cheaper way.



In the olden ages, people used neem twig to brush their teeth. But in today's lifestyle someone using the same twig is like an alien to the surrounding. There is introduction of ayurvedic tooth brushes and brushes made up of neem. Instead of using harmful plastic brushes to clean the teeth , the better alternative is to use such natural brushes and products.





In order to reduce the Single Use Plastic pollution youth should actively support by using various eco-friendly products like wooden kitchen wares, straws made up of bamboo, cloth or paper bags, Earthen pots, Metal containers, paper cups, glass and one can also use coconut shells. They can also actively participate in correct waste disposal activities. They can also spread awareness among the illetrate people about the harmful consequences of using plastic based products. By doing so, they can arise knowledge among the citizens about the harmful plastic pollution. In this way our next generation could also enjoy the fabulous plastic free environment.

***"It takes few hours to make plastic products, Few minutes to be used but billions of years to degrade".***

- Dhyana Vishalkumar Soni
Std: 11th E (Commerce)

## Teacher's Corner

# ઓનલાઈન શિક્ષણના ફાયદા અને ગેરફાયદા

વેદકાલીન સમયમાં ભારતમાં ગુરુકુળ પ્રથા હતી. વિદ્યાર્થીની ભણવાની ઉંમર થાય એટલે ઘરનો ત્યાગ કરી ગુરુના આશ્રમમાં વિદ્યા પ્રાપ્ત કરવા જતો. વર્ષો સુધી ગુરુની છત્રછાયામાં આશ્રમમાં રહી, આશ્રમના કામો કરી, વિદ્યા પ્રાપ્ત કરી પોતાના સ્વગૃહે આવતો. આ સમયગાળાને ચાર પુરુષાર્થોમાં 'બ્રહ્મચર્ય આશ્રમ' કહેવાતો. આજે જે વર્ગખંડો છે એવા વર્ગખંડો ત્યારે ન હતા. ચિંતન, મનન, શ્રવણ, કથન પ્રશ્નોત્તરી. જૂથચર્ચા વગેરે પધ્ધતિથી શિક્ષણ ચાલતું.

એકવીસમી સદીમાં આ પરિસ્થિતિમાં પણ ખૂબ મોટુ પરિવર્તન આવ્યું. કમ્પ્યુટર અને ઈન્ટરનેટના આવિષ્કારથી સમગ્ર વિશ્વમાં શિક્ષણ હિતના તમામ ક્ષેત્રોમાં કમ્પ્યૂટર અને ઈન્ટરનેટનો પ્રભાવ જોવા મળ્યો. સ્લેટ-પેન તથા પાઠ્યપુસ્તકોનું સ્થાન લેપટોપ, ટેબલેટ અને મોબાઈલે લીધું. ધીમે ધીમે સોફ્ટવેર, વિડિયો, ઝુમવગેરે જેવી એપ્સની મદદથી શિક્ષણ ઓનલાઈન અપાવા લાગ્યું. વિકસિત દેશોમાં આ નવી શિક્ષણ પધ્ધતિ શરુ થઈ ગઈ હતી. પણ ઈ.સ. ૨૦૧૯માં આવેલ કોરોના મહામારીએ સમગ્ર વિશ્વને જ્યારે ભીંસમાં લીધું ત્યારે નાછૂટકે વિશ્વના તમામદેશોએ ઓનલાઈન શિક્ષણ પધ્ધતી તરફ વળવું પડ્યું છે.

Online Learning is a Form of Distance Learning that takes place over the Internet ખુબ સરળ શબ્દોમાં કહીએ તો ઓનલાઈન શિક્ષણ એટલે કોમ્પ્યુટર, લેપટોપ, ટેબલેટ કે મોબાઈલ અને ઈન્ટરનેટની મદદથી આપવામાં આવતું શિક્ષણ.

ઓનલાઈન શિક્ષણમાં વિદ્યાર્થી પોતાના અનુકૂળ સ્થળે અને સમયે અભ્યાસ કરે છે. તેમાં વર્ગખંડ, શાળા, કોલેજ કે હાજરીની કોઈ મર્યાદા નથી. વિદ્યાર્થી તથા શિક્ષક પોતાના ઘરે રહી આ સમગ્ર શિક્ષણ પ્રક્રિયામાં ભાગ લે છે. ઓનલાઈન શિક્ષણમાં શ્રેષ્ઠ શિક્ષકનો લાભ તમામ વિદ્યાર્થીઓને પ્રાપ્ત થાય છે. તે સંદર્ભમાં શિક્ષણ વધુ વ્યાપક અને ગુણવત્તાસભર પણ બને છે. YouTube જેવા માધ્યમથી શિક્ષણ ભવિષ્યમાં પણ તેનો ઉપયોગ કરી શકાય છે. વિદ્યાર્થી વારંવાર પુનરાવર્તન માટે પણ તેનો ઉપયોગ કરી શકે છે. વિદ્યાર્થી પોતાના સમયે તેનું દ્રષ્ટીકરણ પણ કરી શકે છે.

'ઓનલાઈન શિક્ષણનો સૌથી મોટો ફાયદો એ છે કે વૈશ્વિક મહામારી, કરફ્યુ, હડતાલ કે લોકડાઉન જેવી સ્થિતિમાં શિક્ષણની જ્યોતની સળગતી રાખી શકાય છે. જ્ઞાનનો પ્રકાશ દરેક વ્યક્તિ સુધી સરળતાથી પહોંચાડી શકાય છે.'

જેમ એક સિક્કાની બે બાજુઓ હોય તેમ કોઈપણ વસ્તુનો ગેરફાયદો પણ હોય છે. કેટલાક પરિવારમાં બે બાળકો અભ્યાસ કરતા હોય તો એક જ સમયે બંનેના ઓનલાઈન ક્લાસ ચાલતા હોય તો એકને શિક્ષણથી વંચિત રહેવું પડે છે. ઈન્ટરનેટનો ડેટા પણ પૂરો થઈ જાય તો પણ બાળકોએ શિક્ષણથી વંચિત રહેવું પડે છે. આમ, ઓનલાઈન શિક્ષણમાં સાધનોની અછત તથા ઈન્ટરનેટનો ડેટાએ સૌથી મોટી સમસ્યા છે. વિદ્યાર્થીઓનો સ્ક્રીન ટાઈમ મેનેજ કરવો એ સૌથી મોટો પડકાર છે. જો વિદ્યાર્થી વધુ સમય મોબાઈલ કે કમ્પ્યુટરની સ્ક્રીન સામે એકધારુ જોયા કરે તો તેની આંખો ખરાબ થવાનો પણ ભય રહે છે.

આમ, ઓનલાઈન શિક્ષણ મહામારી જેવા સમયગાળા માટે વરદાનરૂપ છે. એક ઉત્તમવિકલ્પ છે. ઓનલાઈન શિક્ષણથી શિક્ષણની ધારાને વહેતી રાખી શકાય છે. ઓનલાઈન શિક્ષણ એ આજના આધુનિક સમયની ઉત્તમભેટ બને તેમ છે. કોઈપણ ટેકનોલોજી શિક્ષકને રિપ્લેસ કરી શકે તેમ નથી.

શિક્ષણમાં શિક્ષકનું સ્થાન અનિવાર્ય છે.

बदल जाओ वक्त के साथ<br>
या फिर वक्त बदलना सीखो<br>
मजबूरियों को मत कोसो, हर डाल में चलना सीखो

આભાર.

- મનીષ પટેલ<br>
(આચાર્ય, શારદામંદિર શિશુમંદિર)

## Pandemic and Online Teaching

The last year and a half has been trying for all of us and even students across the globe had to face peculiar situation.

The student fraternity was confined to the four walls of their houses and fear was looming large over loss of studies and precious time. under these circumstances science and technology has been proven to be a bon for all of us. Now with the help of smart phones or laptops student can continue his study uninterrupted from the safety of his home.

No doubt some technical issues crop up and disturb the rythm of education but over all this technology has been of great help to everyone.

Our esteem Institution was not to be left behind and from the day one our management to reach to the students who are at their homes. Our diligent teachers and management has been working hand in hand and making sure that every student of our School gets best possible education under the cicumstances.

For the convenience of teachers. Our school management has provided Tripod Stands and handfree so that they are more comfortable and can teach more efficiently. This shows our management is striving hard to give the best facilities.

Presently things are improving and partially off-line classes of senikor students have been started keepiing in mind all the stadning operating procedure. We are sure things will get back to the normal very soon and campus of shardamandir will once again back to its original glory.

-Payal Shah
(Principal,Shardamandir Modern Highschool)

## Effects of Covid-19 on Teenagers "Mental Health"

My name is Veli Thakore and I am from 11th Commerce-English Medium & I would like to share my opinion about effects of Covid-19 on teenager's mental health. Covid-19 has caused a lot of damange to human in many ways. It has caused a lot of adverse effect on the mental health of the teenagers. Due to the Pandemic, the schools were closed but the studies were going on through the online platforms. The student, not being able to learn properly due to network issues and other problems, took the online studies way too lightly. Not only this, their socialization drastically decreased and they feel lonely all the time. loneliness takes the best on them and they easily get frusrated and have anger issued. Moreover, the news papers and the gossips related to covid-19 inserted the fear of loosing someone in their minds. Thus, teenager kids became lonely, sad and depressed and this added th eworries to thei rparents as well. Due to the online studies, there are no answers to the questions like "What next ? " or "What for the future?"There is nothing to say precisely about the future. The only answer we get on asking these question is we depends on how long the pandemic will last. These things add to the worries on their children. So alongwith all the loneliness, depression and anxiety and stress make their wasy inm the children\s mind and make their mental health worce. They keepon hearing a saying "All you need is to be strong" but for had long? For how long will there need to push their strengath ? For how longs will their mental health will be like this? when will this end ? again no answer. The only way to up with such messed up situation is to get help for the mental health issue if you are able to and accept the change and take all the safety and enecautions and just go with the flow.

- Veli Thakore
(Student,11th-E Com.)

## આશા ભર્યા અરમાનો

આવતીકાલની સૂરજ નવી આશા સાથે ઊગવાનો છે. જિંદગી સોળ કળાએ ખીલવાની છે. આશા રાખો ઈશ્વર પર કે જેટલો સમય ખરાબ ગયો છે, એનાથી પણ વધારે સારા સમયનું આગમન થશે. આપણો ઈતિહાસ પણ એવું કહે છે કે ખરાબમાં ખરાબ સમય પણ જલ્દી ચાલ્યો જાય છે.

વર્તમાન ને વધાવો - ભવિષ્યને હમણાં સાઈલેન્ટ મોડ પર રાખો. મસ્તીથી જીવી લઈએ. ઉત્સવોને ઉલ્લાસથી ઉજવીએ. આવતી કામલ વધુ સારી આવવાની જ છે. સમય જેવો કોઈ શિક્ષક નથી. આફત જ અવસરનું સર્જન કરે છે.

સંબંધો જ સુખનો પર્યાય છે. એક દીવો સમજણનો કરીએ જેથી સંબંધોમાં અજવાળું થાય. એક દીવો માનવતાનો કરીએ, જેથી જીવન બાગમાં રોશની થાય.

કોરોના ના કારણે કેટલાય પરિવારમાં સભ્યોની બાદબાકી થઈ અને જીવનના ગણિત બદલાઈ ગયા. જેમણે પોતાના સ્વજન ખોયા છે, એમને ખુશ રાખીએ. સંકટના સાથી બનીએ. એમના જીવનરૂપી કોડિયામાં ઘી પુરીએ. ઘીના દિવેટ સાથેના સંપર્કથી દિપક પ્રગટશે જ - ઉજાસ - ફેલાશે જ.

આ મહામારીમાં આપણી જીવંતતા ઈશ્વરની ઉદારતા છે.

હાર્દિક શુભકામનાઓ, ચાલો નવા વર્ષને નવી રીતે ઉજવીએ.

- નલિનભાઈ ત્રિવેદી (શિક્ષક, શિશુમંદિર)

## પ્રેસ વિજ્ઞપ્તિ

**મંદોદરીની આત્મકથાનક નવલકથા 'પરિતપ્ત લંકેશ્વરી'ના ગુજરાતીમાં અનુવાદ બદલ**

**સાહિત્ય અકાદેમી અનુવારદ પુરસ્કાર-૨૦૨૦ ગુજરાતી માટે કાશ્યપી મહાની પસંદગી**

સાહિત્ય અકાદેમી અનુવાદ પુરસ્કાર-૨૦૨૦ ગુજરાતી ભાષા માટે સુશ્રી કાશ્યમી મહાને પ્રાપ્ત થયો છે. હિન્દીમાં ૨૦૧૫માં સ્વ. મૃદુલા સિન્હા દ્વારા લખાયેલી લંકાપતિ રાવણની પત્ની સતી મંદોદરીની આત્મકથાનક નવલકથા 'પરિતપ્ત લંકેશ્વરી'ના ૨૦૧૯માં પ્રકાશિત થયેલા ગુજરાતી અનુવાદ માટે એમને જાહેર થયો છે. પુરસ્કાર તરીકે રૂા.૫૦,૦૦૦ની રકમસાથે એક તામ્રપત્ર હવે પછી એક જાહેર સમારંભમાં એનાયત થશે. ગુજરાતી અનુવાદ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત થયો હતો. 'પરિતપ્ત લંકેશ્વરી ' પુસ્તક સૌરાષ્ટ્ર યુનિ.ના એમ.એ.ના અભ્યાસક્રમમાં પણ સામેલ થયેલું છે. કાશ્યપી મહાને આ પહેલાં, અનુવાદ સહિતના લેખિકાના તમામપ્રકારના પુસ્તકોની શ્રેણીમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ગુજરાતી સાહિત્ય પરિષદનદ અનુવાદ પુરસ્કાર પણ પ્રાપ્ત થઈ ચૂક્યો છે. અંગ્રેજીમાં પોલ બ્રન્ટન દ્વારા લખાયેલા પુસ્તકનો કાશ્યપી મહા દ્વારા ગુજરાતીમાં થયેલા અનુવાદ 'હિમાલય અને એક તપસ્વી'ને આ પુરસ્કાર પ્રાપ્ત થયો હતો. મરાઠી, હિન્દી અને અંગ્રેજીમાંથીી ગુજરાતીમાં અત્યાર સુધીમાં ૬૫ ઉપરાંત પુસ્તકોના અનુવાદ આપનારા કાશ્યપી પત્રકારત્વમાં એમ.એ. અને એમ.ફિલ.ની પદવી ધરાવે છે. પત્રકારત્વના વિઝીટીંગ ફેકલ્ટી ઉપરાંત તેઓ વિવિધ ગુજરાતી અખબારો અને સ્વૈચ્છિક સંસ્થાઓ સાથે સંકળાયેલા રહ્યાં છે.

તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ રવીન્દ્ર ભવન, નવી દિલ્હી ખાતે સાહિત્ય અકાદેમીના અધ્યક્ષ ડૉ.ચંદ્રશેખર કંબારની અધ્યક્ષતામાં યોજાયેલી કાર્યકારી મંડળની બેઠકમાં ૨૪ ભારતીય ભાષાઓના પુસ્તકો માટે સાહિત્ય અકાદેમી અનુવાદ પુરસ્કાર-૨૦૨૦નો અંતિમનિર્ણય કરવામાં આવ્યો હતો. પુરસ્કાર માટેના પુસ્તકોનું ચયન માટે દરેક ભાષાની એક ત્રિસદસ્યીય નિર્ણાયક સમિતિ દ્વારા કરવામાં આવ્યું હતું. ગુજરાતી ભાષા માટેની ચયન સમિતિમાં પ્રાં. સંજય શ્રીપાદ ભાવે, ડૉ. વર્ષા દાસ અને શ્રી નિરંજન રાજયગુરુએ પોતાની સેવાઓ આપી હતી.

આ પહેલાં, વર્ષ ૨૦૨૦ માટે સાહિત્ય અકાદેમી દ્વારા ગુજરાતી ભાષાના સાહિત્યકારો સર્વશ્રી હરિશ મિનાશ્રુ (મુખ્ય પુસ્કાર), નટવર પટેલ (બાલ પુરસ્કાર) અને અભિમન્યુ આચાર્ય (યુવા ગૌરવ પુરસ્કાર)ને પણ પુરસ્કાર જાહેર થઈ ચૂક્યાં છે.

## આર્કાઈઝમાંથી

### પાંગરતા પ્રયોગો....

(પૂર્વ આચાર્યશ્રી વજુભાઈ દવે - કૃત 'પાંગરતા પ્રયોગો' પુસ્તિકામાંથી અંશતઃ)

ક્રમ સંવત ૧૯૮૦ના શ્રાવણ સુદી ૭ તા. ૭-૮-૧૯૨૪ ને ગુરૂવારને શુભદિને સવારના નવ વાગ્યના સુમારે સ્કૂલના શણગાર અને શરણાઈના સ્વરોથી ગુંજતા વાતાવરણમાં, ખેતરોની વચ્ચે ઉભેલા ખંડિયેર મકાનમાં શારદામંદિરની શરૂઆત થઈ. સાચા અર્થમાં ગુજરાતની એ પહેલી ઘરશાળા હતી. અહીં એકે ઘર નહોતું.શિક્ષણના આદર્શને વરેલા શિક્ષકમંડળનાં ઘર અહીં એક બનીને શિક્ષણ ઘર બન્યાં હતાં.

'શિક્ષણ એ જીવનવ્યવહાર છે' એ નૂતન શિક્ષણનો સિદ્ધાંત અહીં સંયુક્ત ઘર માંડીને બેઠો હતો. શિક્ષણકાર્યકરોનાં અહીનાં બધાં ઘર - બધાં વાંસનાં ઝૂંપડાઓ સાથે ઘરશાળાઓ બન્યાં. શિક્ષકોના અહીંના બધાં કુટુંબો શિક્ષણકુટુંબો બન્યાં. એ ઘર અને કુટુંબોનાં બધાં બાળકો, આ ઘરશાળાનાં પહેલાં શિષ્યો બન્યાં. આ સંસ્કાર કુટુંબની ઘરશાળામાં રહીને ભણવા માંગતાં હોય તે જ બાળકોની અહીં લેવાં એવું નક્કી થયું હતું. બહારથી દફતર લઈ ભણવા આવનાર અને કેટલીક માહિતીઓ ગોખી ઘેર જનાર નિશાળિયા અહીં ન હતા.

શિક્ષણની અહર્નિશ ઉપાસનાનો પહેલો અર્ધ્ય જીવનવ્યહારના અભ્યાસક્રમના પાઠ સાથે અહીં અપાયો. શિક્ષણનો રોજિંદો અભ્યાસક્રમ અહીંના જીવનની દરરોજની ક્રિયાઓમાંથી શરૂ થયો. શિક્ષણે જીવનને અહીં પોતાની પ્રયોગશાળા બનાવ્યું, અને 'જીવન એ જ શિક્ષણ' નો પ્રયોગ, શાંત પણ વેગભરી રીતે અહીં શરૂ થયો.

કોણ અહીં ભણતું હતું ? કોણ અહીં ભણાવતું હતું ? શિક્ષણવ્યવહાર અહીં કુટુંબ વ્યવહાર બન્યો. અહીના બધાં બાળકો એ વ્યવહારનાં બાળકો બન્યાં અને એ વ્યહારની વ્યાપકતાના પ્રયોગમાં પોતપોતાનો સંસાર લઈને આવેલ શિક્ષકોનાં કુટુંબો અહીં એક શિક્ષણકુટુંબ બની કાર્યરત બનતાં હતાં.

સંઘજીવન એ શિક્ષણવ્યવહારનો પહેલો પાઠ હતો. સંઘજીવનની રોજની કાર્યવાહીમાં વર્ગો ચાલતા હતા, પણ પેલા પહેલા પાઠના સતત ચાલી રહેલા વ્યવહારનાં એ અંગો જ હતાં. એ અંગો સંઘજીવનના શિક્ષણવ્યવહારમાં જ જોવા મળે તેમ હતાં.

શ્રી ભગવદગીતાનો 'स्थितधीः किं प्रभाषेत किमासीत व्रनेत किम् ।।' કેમ બોલે ને કેમ ચાલે તેવા પ્રશ્નોવાળો પાઠ અહીં શિક્ષણનો દેહ બનીને શિક્ષણના હલનચલનનું વૈજ્ઞાનિક સ્વરૂપ જગવતો હતો. શિક્ષણવ્યવહારનું એકત્ર, તાલબદ્ધ જીવન માનવરૂપ બનીને અહીં શિક્ષણવ્યવહારનો - સંઘબુટુંબનો - પહેલો પાઠ ભણવા બેઠું હતું. જીવન અથવા જીવનની વાસ્તવતામાં શિક્ષક, શિક્ષણ અને શિષ્ય, ત્રણેની વિશાળ એકતા બની હતી. અહીં ગુરુઓ મૂક હતા અને જીવનને વાચા સાંપડી હતી. જીવનવ્યવહાર શિક્ષકસ્થાને બેઠો હતો અને શિક્ષકગણ શિષ્યરૂપે બેઠો હતો. શિક્ષણનો પહેલો સિદ્ધાંત, શિક્ષક ! તારી જાતને શીખવ' અહીં મૂર્તિમંત થયો હતો.

ગુજરાતની ભૂમિ ઉપર શિક્ષણના ત્રણ વર્ષનો સમય પકડીને બેઠેલો આ પ્રયોગ આજની તારીખ સુધી તો 'અજોડ અને એક માત્ર' કહેવાય, તો તેવા કથનને અતિશયોક્તિ કહેવાતા કથનદોષની આંચ ન લાગે. આ પ્રયોગનું નામ શારદામંદિર પડ્યું....

('પાંગરતા પ્રયોગો'માંથી)

# આંખનું જતન (ઓનલાઈન એજ્યુકેશન માટે)

આજકાલ વધારે પાવરવાળા ચશ્મા પહેરેલા બાળકોની સંખ્યા વધતી જાય છે, એ ચિંતાનો વિષય છે.

કોવિડ-૧૯ રોગવાળા દરમિયાન મોટાભાગના બાળકોને ઓનલાઈન વર્ગ માટે ગેજેટ્સની સામે તેમનો સમય વિતાવવો પડે છે. ટેકનોલોજી આપણને મદદ કરવા અને આપણા જીવનને સરળ બનાવવા માટે છે, પરંતુ ટેકનોલોજીના વપરાશ સાથે તેના લાભ-ગેરલાભ પણ જોડાયેલા હોય છે. તેથી ઓનલાઈન એજ્યુકેશન મેળવી રહેલા દરેક બાળકોએ તેમના આંખના સ્વાસ્થ્યની વિશેષ દરકાર લેવી જરૂરી છે. તે મહત્વનું છે કે આપણે વાલીઓ, બાળકોને સમતોલ આહાર આપીએ, જે સ્વાભાવિક રીતે તેમની દૃષ્ટિ સુધારે. તે ઉપરાંત, મધ્યમ વ્યાયામ, આંખની કસરત, પૂરતી ઉંઘ અને જરૂર પડે તો આંખોની નિયમિત તપાસ કરવી - એ આંખનું જતન કરવાની સરળ રીતો છે.

જો બાળક ખોરાક દ્વારા યોગ્ય પોષણ મેળવી રહ્યુ ન હોય, તો એ જરૂરી છે કે એને વિટામિત સપ્લિમેન્ટ્સ સાથે ખોરાક આપવો જોઈએ. વિટામિનયુક્ત પોષક આહાર દૃષ્ટિની સમસ્યાઓ ઘટાડી શકે છે.

**લીલા પાંદડાવાળા શાકભાજી** - માં, કેરોટિનોઈડસ વિપુલ પ્રમાણમાં હોય છે, જેમાં વિટામિન અને ખનિજો જેવા કે કેલ્શિયમ, વિટામિન સી અને વિટામીન બી-૧૨ પણ જોવા મળે છે. આંખના પ્રકાશ માટે સ્પિનચ પાલકની ભાજી પણ ફાયદાકારક છે કારણકે લ્યુટિન અને ઝેક્સન્થિન જેવા એન્ટી ઓક્સિડન્ટો તેમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. ખોરાકમાં લીલા શાકભાજીનો ઉપયોગ વધારવો. જો કે, આ પાંદડાવાળા શાકભાજી વધારે પડતા રાંધવા જોઈએ નહિં.

**ફળફળાદિ** - કેળામાં વિટામિન ભરપુર માત્રામાં હોય છે. પિસ્તા, કાજુ, બદામઅને મગફળી વિટામિન-ઈ થી ભરપૂર હોય છે અને બાળકોમાં કુદરતી રીતે મ્યોપિયાની સંભાવના ઘટાડી શકે છે. બદામમાં કેટલાક પ્રમાણમાં ઓમેગા-૩ ફેટી એસિડ્સ પણ હોય છે. આ ફેટી એસિડ્સ અને વિટામિન ઈ એકસાથે શુષ્ક આંખોને અટકાવે છે. જે આ દિવસોમાં બાળકોમાં સામાન્ય સમસ્યા છે. બીજ (તલ, ચિયા બીજ વગેરે) પણ આંખોની સમસ્યાઓ દૂર કરી શકે છે.

**ફણગાવેલા કઠોળ** - માં, ઝીંક વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. જેને રેટિનાના નુકસાનથી બચાવી શકાય છે. બાળકોએ તંદુરસ્ત દૃષ્ટિ માટે મગ, વટાણા , ચણા, દાળ અને રાજમા જેવા કઠોળ ખાવા જોઈએ.

**વ્યાયામ**- આંખની તંદુરસ્તી માટે લાભદાયી જરૂરી કસરતો અને ટેકનીકસ અંગે તબીબો કહે છે કે '૨૦:૨૦:૨૦ની (૨૦ મિનિટ, ૨૦સેકન્ડ, ૨૦ફુટ) કસરત આંખ માટે ખૂબ સારી છે. મોબાઈલ કે લેપટોપની સ્ક્રીન પર કામકરતાં કે ઓનલાઈન શિક્ષણ લેતા બાળકોએ દર ૨૦ મિનિટે ૨૦સેકન્ડ માટે સ્ક્રીનથી ૨૦ ફૂટ દૂર જોવાની ટેવ કેળવવી જોઈએ, જેનાથી બાળકોને સ્ક્રીનમાંથી મળતા રેડીએશથી રાહત મળશે. થોડી વારે આંખો પટપટાવવાથી આંખો સુકાઈ નથી જતી. આંખની કેટલીક કસરતો નીચે ચિત્રમાં આપેલી છે.'

**ઊંઘ** - ઊંઘ પૂરતા પ્રમાણમાં લેવી કારણકે ઊંઘ પૂરી ન થવાથી તબિયત કથળે છે. બને ત્યાં સુધી રાતના ૮ કલાક મોબાઈલનો ઉપયોગ ટાળવો.

સ્વાસ્થ્ય કથળે, તો બિમારીઓ શરીર પર જલ્દીથી હાવી થઈ જાય છે. જો વધુ પડતી તકલીફ થતી હોય તો ડૉક્ટર્સ અથવા હોસ્પિટલની મુલાકાત અવશ્ય લેવી.

**આંખની યોગ-કસરતો**

**કસરત કરતા પહેલાં :** આંખની કેટલીક યોગ-કસરતો નીચે ચિત્રમાં બતાવેલી છે. ચિત્ર પ્રમાણે માર્ગદર્શકની સહાય લેવી. કસરત કરતા પહેલાં થોડી વાર આંખોમાં ઠંડા પાણીની છાલક મારવી. માથું અને ગરદન સીધા રહે તે રીતે બેસવું.

(૧) ઉપર તરફ જુઓ : પાંચ સેકન્ડ સુધી જોયા રાખો, પછી આંખોને આરામઆપો. નીચે તરફ જુઓ. પાંચ સેકન્ડ સુધી જોયા રાખો, પછી આંખોને આરામઆપો. આ કસરત પાંચ વખત રિપીટ કરો. થોડી સેકંડ માટે આંખો પટપટાવો.

(૨) ડાબે તરફ જુઓ, પાંચ સેકન્ડ સુધી જોયા રાખો, પછી આંખોને આરામઆપો. જમણી તરફ જુઓ, પાંચ સેકન્ડ સુધી જોયા રાખો, પછી આંખોને આરામ આપો. આ કસરત પાંચ વખત રિપીટ કરો. થોડી સેકંડ માટે આંખો પટપટાવો.

(૩) ઉપરની બાજુએ ડાબી તરફ જુઓ, પાંચ સેકન્ડ સુધી જોયા રાખો, પછી આંખોને આરામઆપો. ઉપરની બાજુએ જમણી તરફ જુઓ. પાંચ સેકન્ડ સુધી જોયા રાખો, પછી આંખોને આરામ આપો. આ કસરત પાંચ વખત રિપીટ કરો. થોડી સેકંડ માટે આંખો પટપટાવો.

(૪) ઉપરની બાજુએ જમણી તરફ જુઓ, પાંચ સેકન્ડ સુધી જોયા રાખો, પછી આંખોને આરામ આપો. ઉપરની બાજુએ ડાબી તરફ જુઓ. પાંચ સેકન્ડ સુધી જોયા રાખો, પછી આંખોને આરામ આપો. આ કસરત પાંચ વખત રિપીટ કરો. થોડી સેકંડ માટે આંખો પટપટાવો.

(૫) આંખની કીકીઓને ડાબી દિશાએથી દસ વાર ગોળ ગોળ ફેરવો. આંખો પટપટાવો.


(૬) આંખની કીકીઓને જમણી દિશાએથી દસ વાર ગોળ ગોળ ફેરવો. આંખો પટપટાવો.

(૭) આંખની કીકીની નજરને નાકની ટોચ તરફ લઈ જાઓ. પછી ઉપર, ભ્રમર તરફ જુઓ અને પછી નાકની ટોચ પર પાછા જુઓ. હવે આંખોને આરામ આપો. આ કસરત પાંચ વાર કરો. આંખો પટપટાવો.

(૮) આંખોને હળવેથી, દબાણથી બંધ કરો. પાંચ સેકન્ડ બંધ રાખીને હળવેથી ખોલો. આંખોને આરામ આપો.

(૯) તમારી આંખો પહોળી ખોલો, પાંચ સેકન્ડ ખુલ્લી રાખીને પછી આરામ આપો. આ કસરત દસ વાર કરો. આંખ પટપટાવો.

કસરત કર્યા પછી – તમારા હાથની બંને હથેળીઓ એકબીજા સાથે ઘસો અને તે હૂંફાળી થાય પછી તેમને હળવેથી આંખોના પોપચાં પર મૂકો. ઓછામાં ઓછું ત્રણેક વાર આમ કરો. આંખોને આરામ આપો.




**Few Yoga exercises for eyes :**

Before exercises, refer to the chart. Take help from guide. Wash eyes with cold water. Sit comfortably.

(1) Look up, hold 5 seconds, relax your eyes. Look down, hold 5 seconds, relax your eyes. Repeat 5 times Blink your eyes a few seconds.

(2) Look left, hold 5 seconds relax your eyes. Look right, hold 5 seconds, relax your eyes. Repeat 5 times Blink your eyes.

(3) Look up left, hold 5 seconds, relax your eyes. Look right, hold 5 seconds, relax your eyes. Repeat 5 times. Blink your eyes.

(4) Look up right, hold 5 seconds, relax your eyes Look down left, hold 5 seconds, relax your eyes.Repeat 5 times. Blink your eyes.

(5) Rotate eyeballs 10 circles to left. Blink your eyes.

(6) Rotate eyeballs 10 circles to right. Blink your eyes.

(7) Cross your eyes by looking at the tip of your nose. Look up at your eyebrows and then back to the tip of the nose. Relax your eyes. Repeat 5 times. Blink your eyes.

(8) Close your eyes as tightly as you can. Hold 5 seconds, then relax.

(9) Open your eyes wide open. Hold 5 seconds, then relax. Repeat 10 times. Blink your eyes.

Eye palming after eye exercises - Rub your hands together to warm up your palms. Place your hands over your eyes. Close and cover your eyes with the palms. Repeat at least 3 times. Relax.

## શ્રધ્ધાંજલિ



### સ્વ. પ્રતિમાબેનને સ્મરણાંજલિ

હજી ૭મી નવેમ્બર ૨૦૨૧ના રોજ ૯૧ વર્ષ પૂરા કરી ૯૨માં વર્ષમાં પ્રવેશતા પહેલાં જ થોડા દિવસ બાકી હતાં અને પ્રતિમાબેને આપણા સૌ વચ્ચેથી વિદાય લીધી. છેલ્લાં કેટલાક સમયથી માંદગી તો હતી જ પણ છેલ્લે હોસ્પિટલમાંથી ઘેર આવ્યા અને હાંશ અનુભવી. ‘હવે મને હોસ્પીટલમાં જ લઈ જશો’ પણ ‘માનવ ધારે છે કંઈ અને થાય છે કંઈ’ છેલ્લે છેલ્લે ય એમને થોડા સમય માટે હોસ્પીટલના લઈ જવા પડયાં અને આપણને છોડીને તેઓ ચાલ્યા ગયા.

લગભગ ૮૦ની સાલથી, તેમણે ત્રણ ત્રણ પેઢીને સંગીતનું શિક્ષણ આપ્યું. સંગીત તો તેમની રગેરગમાં વ્યાપેલું હતું પણ તે સાથે તેમણે જે રચનાત્મક પ્રવૃત્તિઓ અને વિદ્યાર્થીઓમાં સંસ્કારનું સિંચન કર્યું તેને કેમભૂલાય ! આપણી સંસ્કૃતિનું સંસ્કાર સાથે તેમણે સિંચન કર્યું.

(૧) નૃત્યનાટિકાઓમાં

અ મેળો - ૨ વખત તથા મીરાબાઈ એક વખત ભજવવામાં આવી. જેમાં આપણા નૃત્યશિક્ષિકા પ્રીતીબેનની સાથે રહીને તેમણે અદ્‌ભૂત કામકર્યું.

(૨) રોજેરોજ પ્રાર્થનામાં સંગીત અને સંગીતના તાસ તો ખરાં જ, સાથે જુદા જુદા વિભાગની આંતર શાળાકીય સુગમ સંગીત સ્પર્ધાઓનું આયોજન તેઓ અદ્‌ભૂત રીત કરતા.

સંગીતના તાસમાં ઋતુ પ્રમાણે હોળીગીત, નવરાત્રીમાં વિદ્યાર્થીઓને ભગવતિ સ્તુતિ તથા શક્રાદય સ્તુતિ ગવડાવી વિદ્યાર્થીઓમાં તેમણે આપણી સંસ્કૃતિ અને સંસ્કારનું સિંચન કર્યું. આ બધી પ્રવૃત્તિ સાથે બાલગીતો અને અભિનય ગીતોનું કામતો ખરું જ.

(૩) બાલગીતો અને અભિનયગીતોની કેસેટો

પ્રતિમાબેન અને જ્યોત્સનાબેને આ જે કામ કર્યું તે કદી ય ભૂલાય તેવું નથી.જેમાં જોડકણા, પ્રાર્થના, સ્તુતિ, ભજન, ઋતુગીતો, પશુપંખીના ગીતો, પ્રવાસગીતો, કૃષ્ણગીતો, પ્રકૃતિગીતો વિ. બાળકો જ માત્ર નહીં પણ મોટેરાઓમાં પણ તે સંસ્કારનું સિંચન કરતા હતાં.

સ્વ. પ્રતિમાબેનના આત્માને ઈશ્વર ચિરઃ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

- ઊર્મિલા શાહ

---



પ્રતિમાબેન ત્રિવેદી,

સંગીતના મારા પ્રથમગુરૂ, મારી એકલીના નહીં, શારદામંદિરની ત્રણ પેઢીના ગુરૂ. હાલમાં તેઓએ આ દુનિયાથી વિદાય લીધી. રીટાયરમેન્ટ પછી પણ તેમણે લગભગ ૨૦ વર્ષ શાળામાં સંગીત શિખવવાનું ચાલુ રાખ્યું. આજીવન તેઓ આકાશવાણી, દૂરદર્શન અને સંકળાયેલ રહ્યાં અને અનેક રીકોર્ડિંગ કર્યા.

પ્રતિમાબેનને યાદ કરું તો કડક સાડી, નાક પર રાખેલો રુમાલ, ચશ્મા, પાકીટ અને કપાળમાં લંબગોળ ચાંદલો આંખો સમક્ષ તરી આવે. શિસ્તનાં આગ્રહી, થોડા આખા બોલા પરંતુ અત્યંત પ્રેમાળ, પ્રાર્થનામંદિર જ એમનો સ્ટાફરૂમ. સમૂહ પ્રાર્થના અને સંગીતનો વર્ગ બંને પ્રાર્થનામંદિરમાં જ થાય. એક દિવસમાં ૪ થી વધુ વર્ગ લેવાના આવે એમના ભાગે. ગળુ સચવાય તેના માટે મોઢામાં તે બહેડા કે જેઠીમધ રાખે.

મારી પર પ્રતિમાબેનને સવિશેષ પ્રેમ. બહુ સાચવે અને ઉંડાણપૂર્વક સંગીતની સમજ આપે. સ્કૂલ છોડ્યા પછી હું હંમેશા એમના સંપર્કમાં રહી. અમારા સંપર્કનો એક તાતણો એમનો પરિવાર, ખાસ કરીને દીકરીની ખોટ ન સાલવા દે તેવા વહુ સ્મૃતિબેન. મને તેમના પરિવારનો હિસ્સો જ માને. બેનની તબિયતના સમાચાર હંમેશા સ્મૃતિબેન આપતા રહે. નેવ્યાશી વર્ષ સુધી પ્રતિમાબેને સ્વસ્થ આયુષ્ય ભોગવ્યું તેનો આનંદ છે. છ મહિના પહેલાં કોરોનાને પણ મ્હાત આપી ચૂકેલા બેન મજબૂત મનોબળના કારણે મનથી કદી હાર્યા નહીં. બેન માટે હજી ઘણું લખવું છે, પણ હાલ માટે આટલું જ.

પૂજ્ય પ્રતિમાબેનને શત શત વંદન, ઈશ્વર તેમના આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના. ઓમશાંતિ.

- જૂઈ પાર્થ (જૂઈ ડાંડવાલા)

**પ્રકાશક : શારદામંદિર ટ્રસ્ટ,**

નવા શારદામંદિર રોડ, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન : ૯૧-૭૯-૨૬૦૦૨૪૨, ઈમેઈલ : shardamandir1924@gmail.com, વેબસાઈટ : www.sharadamandir.com

‘શારદ’નો આ અંક શાળાની વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.